### રાજકોટ લોકસભા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાના ભરચક કાર્યક્રમો

# અમરેલી શ્રવણપ્રસાદ કેન્દ્રના લોકાર્પણમાં શ્રી રૂપાલાની ઉપસ્થિતિ

## શ્રવણ પ્રસાદ કેન્દ્રમાં શ્રી પ્રતાપરાય પંડયા ભવનનું આજે ઉદ્‌ઘાટન કરાશે



અમરેલી,

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાનો પ્રવાસ કાર્યક્રમ જાહેર થયો છે. તે મુજબ શ્રી રૂપાલા દિલ્હીથી અમદાવાદ અને અમદાવાદથી ગાંધીનગર જવા રવાના થશે. તા.૮ને શુક્રવારે ગાંધીનગરથી અમદાવાદ, લીલીયા મોટા, ઈશ્વરીયા અને ઈશ્વરીયામાં નવ સ્મશાન ગૃહના ઉદ્‌ઘાટન બાદ અમરેલી જવા શ્રી રૂપાલા રવાના થશે. બપોરે ૧૧ કલાકે શ્રવણપ્રસાદ કેન્દ્રમાં શ્રી પ્રતાપરાય પંડયા ભવનનું ઉદ્‌ઘાટન સમારોહ બાદ રાત્રે ૧૯ કલાકે મહાશિવરાત્રી મહોત્સવ અને તા.૯ને શનિવારે આત્મનિર્ભર ભારત મેગા એકઝીબીશનમાં રાજકોટ ખાતે ઉપસ્થિતિ અને સરીતા ગીર ગૌ સૌવર્ધનના ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિતિ બાદ ૨૦ કલાકે અયોધ્યામાં પાટીદાર સમાજ ભવન નિર્માણ કરવા ચર્ચા વિચારણા માટે પાટીદાસ સમાજની મહાસભા અને ડાયરાના કાર્યક્રમમાં હજારી આપ્યા બાદ તા.૧૦ને રવિવારે બી.જી.ગરૈયા હોમ્યોપેથિક મેડિકલ કોલેજ ખાતે સન્માન સમારોહમાં ઉપસ્થિતિ બાદ ૧૧:૩૦ કલાકે રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા નકકી થયેલ કાર્યક્રમ મુજબ જોડાશે ને ૧૧:૪૫ કલાકે પુજય મોરારી બાપુની હાજરીમાં તપોવન આશ્રમ લોકાર્પણ સમારોહમાં ૧૫:૪૫ કલાકે ઉપસ્થિતિ બાદ ફેડરેશન ઓફ આયુષ્ય ડોકટર્સ દ્વારા સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિતી બાદમાં ઈશ્વરીયા જશે અને રાત્રી રોકાણ કરશે. તા. ૧૧ને સોમવારે ૧૦ કલાકે સ્વામીનારાયણ મંદિર શિલાન્યાસ કાર્યક્રમ અને તા. ૧૨ મંગળવારે ખોખડદડ ખાતે ડાયરાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેમ જણાવાયું છે.

### લુખ્ખા ગીરી સામે રોષભેર આવેદન અપાયું

# કુંકાવાવના બરવાળા બાવીશીમાં સરપંચના ઘેર છરી લઇ ધમકી આપતો વિડીયો વાયરલ

## સરપંચ પતિ ને ધમકી આપી હુમલો કરતા સરપંચ એસોસીએશન દ્વારા આવેદનપત્ર પાઠવાયું : પોલીસ દ્વારા કાર્યવાહી શરૂ



વડીયા. (ભીખુભાઈ વોરા દ્વારા )અમરેલી જિલ્લા ના કુંકાવાવ તાલુકા ના બરવાળા બાવીશી ગામે થોડા દિવસ પેહલા ગામની સ્ટ્રીટલાઈટ ફોડવા બાબતે સરપંચ પતિ અને ગામના એક શખ્સ વચ્ચે થયેલા વિવાદ બાદ સરપંચ પતિના મોબાઈલ ફોન માં કોલ કરી અશોભનીય શબ્દો કહી હું રૂબરૂ આવુ છુ તેમ કહી તેના થોડા સમય બાદ આ ગામના મહિલા સરપંચ ના ઘરે નિર્મળ મહેશભાઈ વાળા (લાલો ) નામનો શખ્સ સાંજ ના સમયે છરી સાથે જઈ ને સરપંચ પતિને બેફામ ગાળો આપી ને જાન થી મારી નાખવાની ધમકી આપતો સમગ્ર ઘટનાનો વિડિઓ ઘટના સ્થળે હાજર ઉપસ્થિત કોઈ વ્યક્તિએ ઉતારી શોષયલ મીડિયા માં વાઈરલ કરેલ હતો.ત્યાર બાદ આ કિસ્સો સમગ્ર જિલ્લા માં ચર્ચાના ચકડોળે ચડ્યો હતો. જેમા ગાંધીના ગુજરાત માં દાદાગીરી એ સ્થાનિક તંત્ર સામે અનેક સવાલો પેદા કર્યા હતા.ઘટનાના બીજા દિવસે પોલીસે આ બાબતે સરપંચ પતિ અરવિંદભાઈ વીરજીભાઈ ડોબરીયા ની ફરિયાદ મુજબ પોતાના ઘરમાં ઘુસી આવી ધમકી આપી હુમલો કરનાર ત્રણ શખ્સો નિર્મળ મહેશભાઈ વાળા (લાલો ),મહેશ ભાઈ મેરાભાઈ વાળા,સુરજ મહેશભાઈ વાળા સામે આઈપીસી કલમ ૫૦૪,૫૦૬(૨),૪૫૨,૧૧૪હજ જીપીએ અધિનિયમ ૧૩૫હજ મુજબ ગુનો નોંધી તેની તપાસ હાથ ધરી હતી.આ મહિલા સરપંચના પરિવાર પર થયેલા બનાવ બાબતે તાલુકા ભરના આગેવાનો અને સરપંચો ને સાથે રાખી ચોથી માર્ચ ના રોજ વડિયા કુંકાવાવ તાલુકા સરપંચ એસોશીએશનના પ્રમુખ વિપુલભાઈ વસાણી ના નેતૃત્વ માં વડિયા મામલતદાર ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.આ આવેદનપત્ર માં જણાવવામા આવ્યુ હતુ કે બરવાળા બાવીશી ગામના મહિલા સરપંચ શારદાબેન ડોબરીયા ગામના ચૂંટાયેલા મહિલા સરપંચ છે તેમના ઘરે દારૂ પીધેલી હાલત માં છરી સાથે અશોભનીય ગાળો આપી હુમલો થાય અને સરપંચ વિરુદ્ધ ખોટી ફરિયાદો કરવામાં આવે તેથી આવા સંગોજોમાં ગામમાં વિકાસ કામ કરવા શક્ય નથી. ભવિષ્ય માં ગામલોકોને ભય ના લીધે હીજરત કરવી પડે તેવા સંજોગો ઉભા થઈ શકે તેથી પોલીસ દ્વારા આવા તત્વો સામે કડક કાર્યવાહી કરે તેવી માંગણી કરવામાં આવી છે તો આ બાબતે સ્થાનિક લોકો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ગામના સરપંચ પતિ સાથે છેલ્લા છ માસમાં અવાર નવાર ગામના લોકો સાથે ના ઝગડાઓ જોવા મળ્યા છે તો શા માટે તે એક વ્યક્તિ સાથે જ ઝગડા થાય છે ત્યારે આવા જગડાનું મૂળ કરણ જાણવું જરૂરી છે. ત્યારે વિવાદ અને ઝગડાઓ પણ એક તપાસનો વિષય છે. આ જગડાનું મૂળ કારણ શું છે તે તો આવનારો સમય જ બતાવશે પણ હાલ આ ઘટના ના ઘેરા પડઘા સમગ્ર જિલ્લા માં પડ્યા છે અને પોલીસે આ બાબતે ગંભીર નોંધ લઈ તેની તપાસ હાથ ધરી છે.અને આરોપીઓને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હોય તેવુ જાણવા મળી રહ્યું છે.

### વિવિધ વિકાસની યોજનાઓ સાથે

# બગસરા પાલિકાનું રૂ. ૧. ૩૨ કરોડનુ પુરાંતવાળુ બજેટ રજુ

## અંદાજીત ૨૭.૯૯ કરોડની આવક સામે ૨૬.૫૮ કરોડની જાવક સાથેનું બજેટ રજુ



બગસરા,(સીમર વિરાણી)

બગસરા નગરપાલિકાની આજરોજ બજેટની સભા મળી હતી જેમાં બગસરા પાલિકાનુ રૂ.૧.૩૨ કરોડનું પુરાંતવાળુ બજેટ રજૂ થયુ હતુ. આ બજેટ માં કુલ ૨૮ સભ્યો માંથી ભાજપના ૧૯ અને કોંગ્રેસના ૭ સભ્યો રહયા હાજર રહ્યા હતા શાંતિપૂર્ણ માહોલ વચ્ચે બજેટની બેઠકની શરૂઆત થઈ હતી ચીફ ઓફિસર ની પણ ગેરહાજરી હતી.

બગસરા પાલિકાની બજેટ સભામાં અંદાજીત આવક રૂ.૨૭.૯૦ કરોડની સામે રૂ.૨૬.૫૮ કરોડની જાવક થશે જેમાં ૧.૩૨ કરોડનું પુરાંતવાળુ બજેટ રજૂ કરાયુ હતુ બજેટમાં ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ, ધારાસભ્યની ગ્રાન્ટ, નલ સે જલ પ્રોજેકટ,અટલજી પાર્ક ગાર્ડન ડેવલોપમેન્ટ સહિતના કામો હાથ ધરવામાં આવશે. ૫૦ લાખના ખર્ચે શહેરના મેઘાણી હાઈસ્કૂલ ખાતે અને ભુતનાથ મહાદેવ મંદિર ખાતે બેસ્ટ શૌચાલય ઉભા કરવામાં આવશે.જાંજરીયા રોડ સહિતના બે શૌચાલયોને પાડી નવા શૌચાલય બનાવવામાં આવશે તેમજ આઈટીઆઈ, બાલમંદિર, હિન્દુ સ્મશાન પાસે યુરીનલ બ્લોક બનાવવામાં આવશે.

# કુંડલા શહેરમાં જુદા જુદા સ્થળે બે મોબાઇલ ફોન ચોરાયા

## સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદો દાખલ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા શિવાજીનગર વોરા સોસાયટી સનરાઈ સ્કુલ પાસે રહેતા ઈમરાનભાઈ શબીરભાઈ હિરાણી ઘરે હોય અને તેમના પિતાનું મરણ થયેલ હોય જેથી મહેમાનોની અવર જવર હોય તે દરમિયાન કોઈ તેમનો સેમસંગ કંપનીનો સીમ સાથેનો રૂા.૭૬૨૬ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં મોટા બસ સ્ટેન્ડ પાસે યુનુસભાઈ નુરમહમદભાઈ લલીયા પોતાનું બાઈક લઈને જતાં હતાં ત્યારે વીવો કંપનીનો મોબાઈલ સીમ સાથેનો ૨૦,૯૯૦ની કિંમતનો જેકેટના ખીચ્ચામાંથી કયાંક પડી જતાં કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### મહાભારતના અભિમન્યુની જેમ રાજકારણના અભિમન્યુ સાબિત થયા શ્રી મહેશ કસવાળા

# સાવરકુંડલાના ગીરધરવાવ ખાતે ૭ એકરમાં ૫ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ સંકુલનું ભૂમિપૂજન

## સાંસદ શ્રી કાછડીયા અને ધારાસભ્ય શ્રી કસવાળાએ રમતવીરોનું સ્વપ્ન સાકાર કરવાના લક્ષનો પાયો સ્થાપ્યો




સાવરકુંડલા,રાજકારણમાં હંમેશા ખોટું બોલવું, મોટેથી બરાડા પાડીને બોલવું ને મતદાતાઓને ભ્રમિત કરવાના દીવા સ્વપ્નો બતાવીને મતોનું રાજકારણ કરવા કરતાં વિનમ્રતા અને પરિપકવતા ના ઉદ્દેશ લઈને મહાભારતના અભિમન્યુ ની જેમ રાજકારણના અભિમન્યુ સાબિત થયેલા સાવરકુંડલા લીલિયા વિધાનસભાના કાર્યદક્ષ ધારાસભ્ય એટલે મહેશ કસવાળા, ચૂંટણી સમયે આપેલા વચનો સાર્થક સાબિત કરવામાં ગાંધીનગર સચિવાલયમાં સતત એક્ટિવ રહીને ૭ એકરમાં ૫ કરોડના ખર્ચે ભારત દેશનું ભવિષ્ય અને બાળકો પ્રત્યેની કૃતજ્ઞા પૂર્વકની ભાવનાઓ સાકાર કરવાના ધ્યેય સાથે સાવરકુંડલા શહેરમાં સ્પોર્ટ્સ સંકુલના ભૂમિ પૂજન ધારાસભ્ય મહેશ કસવાળાએ આગામી ૨૦૩૬ માં ભારતના ગુજરાતમાં ઓલમ્પિક રમાઈ તેવું દૂરંદેશી લક્ષ સાથે ઈન્ડોર મલ્ટી પર્પજ હોલ સહિતનું આધુનિક સ્પોર્ટ્સ સંકુલનું ભૂમિપૂજન સાંસદ નારણ કાછડીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ કર્યું હતું અને અમરેલી જિલ્લાના સાવરકુંડલા લીલિયા વિધાનસભા ક્ષેત્રના ભારતના ભવિષ્ય સમાનના બાળકોના ઉજ્જવળ ભવિષ્યને આકાશની ઉડાન ભરવાના સ્વપ્નને હકીકતમાં સાકાર કરવા આજે ધારાસભ્ય મહેશ કસવાળાએ જયારે ચૂંટણી સમયે આપેલા વચનોમાં બાયપાસ રોડ અને સ્પોર્ટ્સ સંકુલ પહેલું પ્રાધાન્ય ગણ્યું હતું બાયપાસ ચાલુ થઈ ગયો ને આજે સ્પોર્ટ્સ સંકુલનું ભૂમિ પૂજન કરીને ૧ વર્ષમાં રમતવીર બાળકો માટે આજના યુગને અનુરૂપ અને રમતવીરો માટે એક નવું સોપાન સાબિત થવાના ધ્યેયથી ધારાસભ્ય મહેશ કસવાળાએ સ્પોર્ટ્સ સંકુલના ભૂમિપૂજન વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમતગમત મંત્રી હર્ષ સંઘવીનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો ને માત્ર એકજ ધક્કે સ્પોર્ટ્સ સંકુલ માટે ૭ એકર જમીન અને ૫ કરોડ જેવી માતબર રકમથી આત્યરનો રમતવીર બાળક આગામી ૨૦૩૬ માં ઓલમ્પિક ભારત દેશમાં રમાઈ ને અમરેલી જિલ્લાના સાવરકુંડલા લીલીયાના બાળક ઓલમ્પિકમાં કુશળતા પ્રાપ્ત કરે તેવા અભિગમ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું વિજન આગામી વર્ષોનું હોય તે સાર્થક કરવાના સ્વપ્નો લઈને નીકળેલા ધારાસભ્ય મહેશ કસવાળાએ કોન્ટ્રાકટરોને પણ અનુરોધ કર્યો હતો કે મારા તમારા બાળકોના ભવિષ્ય માટે નિર્માણાધિન સ્પોર્ટ્સ સંકુલમાં કોઈ કચાશ ન રહે તેમ એ ટુ ઝેડ ગ્રાઉન્ડ, દરવાજા, બગીચો, રમતગમતના ગ્રાઉન્ડ પોસ્ટમાં બતાઈ તેવું જ હોવું જોઈએ અને પાંચ પૈસા કોન્ટ્રાકટર ને ઓછા મળશે તો ચાલશે પણ બાળકોના ભવિષ્ય સમાનના સ્પોર્ટ્સ સંકુલમાં નહિ ચલાવી લેવાઈ કેમ કે આ મિલકત દેશના ભવિષ્ય સમાન ના બાળકોની હોવાનું મહેશ કસવાળાએ જાહેર મંચ પરથી જણાવ્યું હતું આ સ્પોર્ટ્સ સંકુલમા વોલીબોલ કોર્ટ, ખોખો કોર્ટ, કબડી કોર્ટ, ટેબલ ટેનિસ હોલ, શૂટિંગ રેન્જ હોલ, મલ્ટી પર્પસ હોલ, જીમનેસિયમ, બેડમિન્ટન કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ, યોગા એકવાન્ડો અને જુડો જેવી રમતોનો સમાવેશ થાય છે આ સ્પોર્ટ સંકુલ સતત ત્રણ વર્ષથી મહેનત કરતા શહેર ભાજપ મહામંત્રી શ્રી રાજેશભાઈ નાગ્રેચાની મહેનતને ધારાસભ્ય મહેશ કસવાલાએ બિરદાવેલ હતી ને ભૂમિપુજનમા સ્પોર્ટ્સ ઓથોરિટીના અધિકારી પૂનમબેન કુમુકીયા, મામલતદાર, ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરિયા, પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા પંચાયત સદસ્ય રાણાભાઈ રાદડિયા, શહેર ભાજપ મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, તાલુકા મહામંત્રી નીતિનભાઈ નગદીયા, ચેતનભાઈ માલાણી, શહેર તેમજ સંગઠનના હોદેદારો, યુવા ભાજપના કાર્યકર્તાઓ નગરપાલિકાના હોદેદારશ્રીઓ, ચેરમેનશ્રીઓ, સદસ્યોશ્રીઓ હાજર રહ્યા હતા તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### સેવાના સારથી શ્રી મુકેશ સંઘાણીનાં સેવા સંકલ્પ પૂર્ણતા તરફ

# લોકસંત મોરારીબાપુ-પ્રદેશ પ્રમુખ પાટીલના સાનિધ્યમાં તપોવન આશ્રમનું લોકાપર્ણ


## સેવાભાવી યુવાનોના સ્વયંભૂ સહકાર સાથે સારહી ટીમ દ્વારા તડામાર તૈયારી




અમરેલી.કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગૃહમંત્રી હર્ષ સંઘવી, નાયબ મુખ્ય દંડક-ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્યશ્રીઓ મહેશભાઈ કસવાળા, હિરાભાઈ સોલંકી, જે.વી.કાકડીયા, જનકભાઈ તળાવીયા, પૂર્વ મંત્રી ભુપેન્સિંહજી ચુડાસમા, ધર્મેન્સિંહ જાડેજા (હકુભા) જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. પૂ.ભક્તિરામબાપુ-ભોજલધામ ફતેપુર, પૂ.વિજયબાપુ-સતાધાર, પૂ.ભક્તિરામ બાપુ - માનવ મંદિર, સાવરકુંડલા મહાવિર બાપુ - દાનેવધામ, ચલાલા સહિતના સંતો આર્શિવચન પાઠવશે સમાજને કાંઈક આપવુ, વિશીષ્ટ આપવુ, અવિરત આપવુ અને અસ્ખલીત આપવુ એવો વિચાર યુવાનીમાં મુકેશ સંઘાણીને સ્ફુર્યો અને તે વિચાર પુર્ણતાને આરે પહોચ્યો. જેનો સાક્ષી બનવા સમગ્ર જીલ્લો ઉત્સુક છે. યુવાનોના માર્ગદર્શક મુકેશ સંઘાણીનું સેવાસ્વપ્ન સારહિ તપોવન સાકાર બની રહયુ છે. તા.૧૦.૦૩.૨૦૨૪ ને રવિવાર ના રોજ બપોરના ૦૩.૩૦ કલાકે લોક સંત પૂજય મોરારીબાપુના વરદ્ હસ્તે લોકાર્પણ થવા જઈ રહયુ છે અને તે અંગેની તડામાર તૈયારીને આખરી ઓપ અપાઈ રહયો છે, કાર્યક્રમના નિમંત્રણ સમગ્ર જીલ્લામાં અપાઈ ચુકયા છે. જીવન સંધ્યાએ પહોચેલા વડીલોની પુત્ર ભાવથી સેવા કરવાના સુંદર અભિગમ સાથે તૈયાર થઈ ચુકેલ સારહિ તપોવન આશ્રમના પ્રવેશતા વડીલો અહી એક તપસ્વી તરીકેની અનુભુતી પામે તેવુ દિવ્ય વાતાવરણ અહી આકાર લઈ રહયુ છે અને આ તમામ સેવાઓ નિઃશુલ્ક માનવ સેવાના અભિગમ સાથે કાર્યરત થવા જઈ રહયુ છે. આ કાર્યક્રમનું લોકાર્પણ કે જેઓના હાથે ભૂમિપૂજન થયુ છે તેવા લોક સંત પૂ.મોરારીબાપુના કરકમળોથી સંપન્ન થશે. આ તકે પૂ.ભક્તિરામબાપુ ભોજલધામ ફતેપુર, પૂ.વિજયબાપુ-સતાધાર, પૂ.ભક્તિરામ બાપુ-માનવ મંદિર, સાવરકુંડલા મહાવિર બાપુ - દાનેવધામ, ચલાલા સહિતના સંતો આર્શિવચન પાઠવશે ઉપરાતં ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, કેનીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગૃહમંત્રી હર્ષ સંઘવી, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્યશ્રીઓ (નાયબ મુખ્ય દંડક) કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાળા, હિરાભાઈ સોલંકી, જે.વી.કાકડીયા, જનકભાઈ તળાવીયા, પૂર્વ મંત્રી ભુપેન્સિંહજી ચુડાસમા, ધર્મેન્સિંહ જાડેજા (હકુભા) જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સમગ્ર જીલ્લાની અંદર નિઃશુલ્ક સેવા કેન્નો થવા જઈ રહેલ પ્રારંભથી ભારે લોક ઉત્સાહ જોવા મહી રહયો છે આ અંગેની તડામાર તૈયારીઓ સેવાભાવિ યુવાનોની સ્વયંભુ ફોજ સાથે સમગ્ર સારહિ ટીમારા રાત-દિવસ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સંસ્થાની સેવાપ્રવૃતિને અનેક સંસ્થાઓ, સામાજીક અને શૈક્ષણિક આગેવાનો નિહાળીને મુકેશ સંઘાણીની સેવાપ્રવૃતિને બિરદાવે છે. તેમ અખબારી યાદીના અંતમાં જણાવેલ છે.


**મોકાનું મકાન વેચવાનું છે**

ચક્કરગઢ રોડ, રામવાડી-૪, લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ નજીકમાં દોઢ વસા જમીનમાં કોર્નરનું, બંને બાજુ ૨૦ ફુટ પેવર રોડ પાણીના દારની સુવિધા, ફુલ ફર્નિશવાળુ મકાન માલીકને બહાર જવાનું હોવાથી તાત્કાલીક વેચવાનું છે ફોરવ્હીલ પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક સમય : રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦
સંપર્ક : મો.૯૪૨૯૨ ૨૨૦૧૮



સ્વાદના શોખીનો માટે ખુશખબર...
**સત્ અમર**
રાજસ્થાની સ્પે.દાલબાટી
માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ
મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯
બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ
સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેક્ટરના શો-રૂમની સામે, અમરેલી



**॥ બજરંગ સ્ટીલ ॥**

અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઇઝ પાઇપ, બાઇન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ : લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઇ વી.ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

**દુકાન ભાડે આપવાની છે**

ઠે.હિરકબાગ શોપીંગ સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, દુકાન નં.૮૧ અમરેલીમાં અતિ મોકાની દુકાન ભાડે આપવાની છે.
સંપર્ક : મો.૯૪૨૭૨ ૫૧૬૯૦, ૯૮૯૮૩ ૭૨૭૪૪

**વાહ કયા સીન હૈ..!**

ધ્યાના



મહાદેવ ટ્રાવેલ્સ વાળા પાર્થભાઈની લાડકી દીકરી ધ્યાનાનો જન્મ દિવસ છે સૌ કેક ખાવા આવજો

**જય રામદેવ ટ્રાવેલ્સ**

ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગઢ, જાંબવાબ્રીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત



ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૭૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં



કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**

અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭




દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**અમરેલીમાં મોકાનું મકાન વેચવાનું છે**

ચક્કરગઢ રોડ ઉપર, પટેલ સંકુલની સામેનાં વિસ્તારમાં અતિ મોકાનું 3 BHK ટાઇટલ ક્લિયર લોનેબલ મકાન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
કિંમત માત્ર રૂા.૧૭.૫૧ માં જ
સંપર્ક : મો.૭૮૭૪૪ ૦૭૦૦૭

## નાગેન્દ્રહારાય ત્રિલોચનાય, ભસ્માન્ગરાય મહેશ્વરાય, નિત્યાય-શુધ્ધાય દિગમ્બરાય, તસ્મે કરાય નમઃશિવાય...

# આજે જિલ્લાભરમાં ભોળીયા દેવ 'મહાદેવ'ની આરાધના

### મહાશિવરાત્રી પર્વે હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નાદ ગુંજશે : આજે જીવના શિવ સાથે મીલનનો અવસર

### આજે અમરેલી જિલ્લાના મંદિરોમાં મહાદેવજીની પુજા અને આરાધના

### અમરેલી તથા રાજુલા અને ચલાલા સહિત અનેક સ્થળે શિવજીની શોભાયાત્રા આરતી પુજા સાથે અનેક કાર્યક્રમો







અમરેલી,

અમરેલી શહેર અને જીલ્લાભરમાં આજે મહાશિવરાત્રિ નિમિતે શિવ મંદિરોને ધજા પતાકા અને રોશનીથી સુશોભીત કરવામાં આવેલ છે.અમરેલી કામનાથ મહાદેવ ,નાગનાથ મહાદેવ, નાગદેવતા મંદિર નાગેશ્વર મહાદેવની વર્ણાગી નીકળશે.નાગનાથ મહાદેવ મંદિરે લઘુરૂદ્રયજ્ઞનું આયોજન થતા યજમાનો યજ્ઞ વિધિમાં વિદ્વાન બ્રાહમણો દ્વારા મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં આહુતિ આપશે.અમરેલી શહેરના કાશી વિશ્વનાથ , ભીમનાથ, સુખનાથ , ભીડભંજન, પંચનાથ, જીવનમુકતેશ્વર, રામેશ્વર, ગંગેશ્વર, સહિત શિવમંદિરોમાં મહાશિવરાત્રિ નિમિતે ભકતો દ્વારા આરતી ,મહાપુજા, ભાંગની પ્રસાદનો ભકતજનો બહોળી સંખ્યામાં લાભ લેશે.શિવમંદિરોમાં ધુન, મહાઆરતી, ભજન,જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

રાજુલા શિવજી ઉત્સવ કમિટીદ્વારાઅનેદિપકઠેકેદારદ્વારાભવ્ય શિવજીની રથયાત્રા ધરમશાળા થી નીકળી ટાવર રોડ બસ સ્ટેન્ડ વિસ્તાર હઠીલા હનુમાન વિવિધ માર્ગો ઉપરથી પસાર થઈ આજ રથયાત્રા નીકળશે શહેરીજનો પણ ઉત્સાહ ભેદ રથયાત્રામાં ભાગ લેશે અને શિવરાત્રી મહોત્સવ ની પણ ઉજવણી આ વિસ્તારમાં કોટેશ્વર મહાદેવ ધારનાથ મહાદેવ તથા સુખનાથ કુંભનાથ તથા સાસુડા મહાદેવે તેમજ સરકેશ્વર મહાદેવ તથા શામળીયા મહાદેવ સહિતમાં આવ ઉત્સવ અને શિવરાત્રીની ભાંગ પ્રસાદી લેવા ધારનાથ ના મહંત શ્રી રમેશ ગીરીબાપુ જણાવ્યું કે મંદિરમાં રુદ્ર અભિષેક મહાશિવરાત્રીની દીપમાળા હનુમાન ચાલીસા તેમજ શિવજીની મહાપૂજા સહિતના ભવ્ય શિવરાત્રીના દિવસે આ કાર્યક્રમ યોજા છે તો રાજુલાની ધાર્મિક જનતાને ધારનાથ મંદિરે પધારવા અને શિવજીના દર્શન કરવા મહંત શ્રી રમેશ ગીરી બાપુએ જણાવ્યું છે.

ચલાલાનાં ભીમનાથ મંદિરે ભક્તિભાવ પુર્વક ધામધુમથી શિવરાત્રી ઉજવાશે. મંદિર પરીસરમાં બપોરે ૧૨ કલાકે વિશેષ મહાઆરતી અને વિશેષ મહાપુજા, અભિષેક, આરતી અને મહાપ્રસાદ સહિતનાં ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સાંજનાં ૪ કલાકે ભવ્ય શોભાયાત્રા યોજાશે. સાંજે ૭ થી રાતનાં ૧૨ સુધી આરતી સહિત ધાર્મિક કાર્યક્રમોમાં ભાવિકો ઉમટી પડશે. મહાપ્રસા, ફરાળ સહિતનો લાભ લેવા મહંત મહારાજશ્રી દિનેશગીરી ગોસ્વામીએ જણાવ્યું છે,

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી**

**અપીલ રજી. નં. ૪૦-૨૦૨૪**

અરજદાર : શ્રી દલપતભાઈ રામજીભાઈ કથીરીયા રહે.મોટા ગોખરવાળા, તા.જી.અમરેલી

સામાવાળા : તલાટી કમ મંત્રી મોટા ગોખરવાળા ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

**સાહેદ સમન્સ**

આ કામનાં સામાવાળાને આ સાહેદ સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર તેઓની પુત્રી પરિતાબેન દલપતભાઈ કથીરીયાની જન્મ નોંધ માટે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ અધિનિયમની ૧૯૬૯ની કલમ-૧૩ની પેટા કલમ - ૩ હેઠળ અરજી દાખલ કરેલ છે. જે કામથી તમોને સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, જન્મ-મરણ રજીસ્ટરમાં તેમનું નામ છે કે નહીં તે ખાતરી કરવા અસલ રજીસ્ટર તથા જવાબ સાથે મુદતે તા.૪-૪-૨૦૨૪ નાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાકે હાજર રહેશો. આ ઉપરથી તમોને જાણ કરવામાં આવે છે કે જો વ્યાજબી કારણ વગર સદરહુ વખતે અને મુકામે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કહેશો તો તમને હાજર થવાની ફરજ પાડવા સારૂ વોરન્ટ કાઢવામાં આવશે. આજ તા.૨૭-૦૨-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**અમરેલી**

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરીને જાહેર કરૂ છું કે, મે મારૂ નામ શાસ્ત્રી સુકૃતીબેન કૌશલ માંથી બદલી ને શાસ્ત્રી સુકૃતિ કૌશલ કર્યુ છે જેની સર્વેએ નોંધ લેવી.

સહી : શાસ્ત્રી સુકૃતિ કૌશલ

એડ્રેસ : બ્લોક નં.૨૧, મનમંદિર - ૨, મનમંદિર સોસાયટી, છતડીયા રોડ, રાજુલા, જી.અમરેલી, ગુજરાત ૩૬૫૫૬૦

Swara
Dr. Chirag Vamja
M.D. (Skin & VD)
ઉપલબ્ધ સુવિધાઓ
હેર ટ્રાન્સપ્લાન્ટ
લેસર હેર રીમુવલ
એન્સ ટ્રીટમેન્ટ
વીટીલીગો ટ્રીટમેન્ટ
વોર્ટસ એન્ડ સ્કીન ટેગ રીમુવલ
હેરફોલ ટ્રીટમેન્ટ
કેમીકલ પીલ
હાઇડ્રા ફેસીઅલ
પીઆરપી ટ્રીટમેન્ટ
સ્વરા સ્કીન/હેર/લેસર ક્લીનીક
C/o કલરવ હોસ્પિટલ, કરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, ઇનકમટેક્ષ ઓફિસ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧.
મો. ૯૨૬૫૧ ૦૭૬૯૮

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
પ્રસ્તુત છે નવુ આયસર 188 (મીની) ટ્રેક્ટર
ગર્વમેન્ટ સબસીડી માન્ય
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન
ઓઇલ બ્રેક
મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
સાઇડ ગેર
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો. ૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
બાળરોગ વિભાગ
અમરેલીની જૂની અને જાણીતી હોસ્પિટલમાં હવે PM-JAY યોજના અંતર્ગત નવજાત શિશુથી માંડીને 15 વર્ષ સુધીના બાળકોની મફત સારવાર ઉપલબ્ધ
હવે સલાહ લો
વધારે માહિતી માટે 9978966629
ડૉ.કલ્પેશ વઘાસિયા
બાળરોગ નિષ્ણાંત

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા) આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૦૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવાર શુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle કેશ બોનસ ₹2100
Super Splendor Xtec કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) કેશ બોનસ ₹2100
Xoom & Pleasure એક્સચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી રોડીઝ પાસે, નવનીત ટાવર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઇઝર્સ
RTO એડવાઇઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

MARUTI SUZUKI ARENA
VITARA BREZZA
WICKEDLY POWERFUL
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિત્ર્સ હોલીડેઝ
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૨૯૮૨૩

LG BEST SHOP
Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો.9974772377

અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
POLO PLUS પોલો પ્લસ CONTAINERS
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
100% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૭૬ ૦૭૬૭૬

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહ્યુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા
આ છે અહીંની વિશેષતાઓ...
વિટ્રીફાઇડ ટાઇલ્સ
સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
સ્ટાન્ડર્ડ બારી દરવાજા
મેઇન ગેટ સિક્યુરીટી
ગ્રેનાઇટ પ્લેટફોર્મ
૨૪ કલાક જનરેટરની સુવિધા
આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
સ્ટીલ ગ્રેલીંગ
આર.સી.સી. રોડ
સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૮-૦૩-૨૦૨૪ શુક્રવાર

# મહાન તામિલ ભાષા અને સંસ્કૃતિનું રાજકીય લાભ માટે ભાજપ દ્વારા ચાલુ થયું મહામંથન

તામિલનાડુની સત્તાધારી પાર્ટી ડીએમકેના સાંસદ એ. રાજા ફરી પાછા વરતાયા છે. રાજાએ ભારતને એક દેશ તરીકે સ્વીકારવાનો ઈનકાર કરીને દાવો કર્યો કે, ભારત ક્યારેય એક દેશ નહોતો કેમ કે એક ભાષા, એક સંસ્કૃતિ અને એક પરંપરાથી કોઈ પણ દેશ બને છે પણ ભારતમાં એક ભાષા, એક સંસ્કૃતિ અને એક પરંપરા નથી. ભારતમાં ઘણી બધી પરંપરાઓ અને સંસ્કૃતિઓ છે તેથી વાસ્તવમાં ભારત એક ઉપખંડ છે. રાજાના મતે, કેરળ, ઓડિશા, તામિલનાડુ વગેરે દેશો છે કે જ્યાં એક ભાષા અને એક સંસ્કૃતિ છે. આ બધા દેશો મળીને ભારત બનાવે છે તેથી ભારત એક દેશ નથી પણ એક ઉપખંડ છે.

રાજાએ હિંદુ ધર્મ વિશે પણ કેટલીક વાતો કરી છે. રાજાનું કહેવું છે કે, આપણે બધા રામના દુશ્મન છીએ અને મને રામાયણ અને ભગવાન રામમાં વિશ્વાસ નથી. ભગવાન હનુમાનની સરખામણી વાનર સાથે કરીને રાજાએ 'જય શ્રીરામ'ના નારાને પણ અસ્વીકૃત ગણાવ્યા છે. એ. રાજા આ પહેલાં પણ આ પ્રકારના લવારા કરી ચૂક્યા છે. ગયા વર્ષે રાજાએ ચેન્નઈમાં એક કાર્યક્રમમાં સનાતન ધર્મની તુલના એચઆઈવી અને રક્તપિત્ત સાથે કરી હતી.

તામિલનાડુના મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલિનના પુત્ર અને પ્રધાન ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના ડેન્ગ્યૂ, મલેરિયા અને કોરોના સાથે કરી હતી. ઉદયનિધિએ સનાતન ધર્મ વિશે કહ્યું હતું કે મચ્છર, ડેન્ગ્યુ, તાવ, મલેરિયા અને કોરોના એવી કેટલીક બાબતો છે જેનો માત્ર વિરોધ ના કરવો જોઈએ પણ તેને ખતમ કરવો જોઈએ. સનાતન ધર્મ જ્ઞાતિવાદ અને ભેદભાવ પર આધારિત છે તેથી તેને ખતમ કરી દેવો જોઈએ.

ઉદયનિધિના નિવેદનના કારણે વિવાદ ઊભો થયો હતો ત્યારે એ. રાજાએ કહેલું કે, મલેરિયા અને ડેન્ગ્યુ ધિક્કારપાત્ર નથી કે તેમને સામાજિક કલંક માનવામાં આવતા નથી પણ અમે રક્તપિત્ત અને એચઆઈવીને નફરતથી જોઈએ છીએ. સનાતન ધર્મને પણ આવા જ એક રોગ તરીકે જોવો જોઈએ. એચઆઈવી અને રક્તપિત્તની જેમ આપણે સનાતન ધર્મને પણ નાબૂદ કરવો પડશે.

ઉદયનિધિ અને રાજાના પગલે ડીએમકેના બીજા નેતાઓએ પણ આ પ્રકારની વાતો કરી છે. ડીએમકેના નેતા હિંદુત્વ કે સનાતન ધર્મ વિરુદ્ધ લવારા કરી રહ્યા છે તેનું કારણ તેમનો પોતાનો ગરાસ લૂંટાઈ જવાનો ડર છે. ડીએમકે સહિતના તમિલનાડુના મોટા ભાગના પક્ષોએ દ્રવિડીયન સંસ્કૃતિના નામે હિંદુ અને હિંદી વિરોધી માનસિકતાને પ્રબળ બનાવી છે. આ માનસિકતાના જોરે તેમણે સત્તા ભોગવી છે અને આ સત્તાને સાચવવા એ લોકો આ માનસિકતાને વધારે ને વધારે પ્રબળ બનાવ્યા કરે છે. આ એક વિષચક્ર છે કે જેમાં તમિલનાડુની પ્રજા ફસાયેલી છે.

ડીએમકે સહિતના પક્ષો તમિલ પ્રજાના માનસમાં એક વાત ઠસાવવામાં સફળ રહ્યા છે કે, તમિલ ભાષા અને તમિલ સંસ્કૃતિ આ દેશમાં સૌથી જૂની છે તેથી શ્રેષ્ઠ છે, સર્વોપરિ છે. હિંદુવાદીઓ પોતાની ભાષા અને સંસ્કૃતિ થોપીને તમિલ ભાષા અન સંસ્કૃતિનો નાશ કરવા માગે છે તેથી તેમને તમિલનાડુમાં ઘૂસવા ના દેવાય. તમિલોના માનસમાં હિંદી તરફ નફરત પેદા કરવામાં પણ આ લોકો સફળ થયા છે. કોઈ પણ ભાષા શીખવી સારી વાત કહેવાય પણ આ હલકાઓનો કારણે તમિલો હિંદી ભાષાના નામથી પણ ભડકે છે. હિંદી ભાષાને તમિલનાડુમાં શીખવવાના પ્રયત્ન કરાય તો પણ તેને તમિલ ભાષા અને સંસ્કૃતિ પર આક્રમણ ગણાવી દેવાય છે. આ માનસિકતા વરસોથી છે ને પહેલાં કોંગ્રેસને તમિલ સંસ્કૃતિની નાશક ગણાવાતી હતી. હવે ભાજપ પ્રબળ બન્યો છે તેથી ભાજપને નિશાન બનાવાય છે. બહુમતી પ્રજા પણ આ વાત માની લે છે તેથી તમિલ ભાષા અને સંસ્કૃતિના નામે બબાલો થયા જ કરે છે.

કમનસીબે હિંદુવાદીઓ પણ તમિલ પ્રજાની આ માનસિકતાને પોષવામાં યોગદાન આપે છે. સનાતન ધર્મ અને હિંદુત્વના પ્રતીકોને તમિલો પર થોપવાની મથામણ હિંદુવાદીઓ દ્વારા ભરપૂર થાય છે. તેના કારણે રાજા જેવા લોકોને તક મળી જાય છે ને સરવાળે દેશમાં વિભાજન વધતું જાય છે.

ભાજપ અને હિંદુવાદી પરિબળોએ તમિલ ભાષા સૌથી જૂની છે, તમિલ સંસ્કૃતિ મહાન છે એ સહજતાથી સ્વીકારવું જોઈએ. તમિલ સંસ્કૃત કરતાં પણ જૂની ભાષા છે તેમાં બેમત નથી. તમિલ સાહિત્ય, કલા વગેરે પણ અત્યંત સમૃદ્ધ છે તેમાં બેમત નથી. આ વાત સહજતાથી સ્વીકારવી જોઈએ. સનાતન ધર્મ કે હિંદુત્વ સર્વશ્રેષ્ઠ છે, એ જ સંસ્કૃતિ શ્રેષ્ઠ છે અને આ દેશના બધાં લોકોએ તેને અનુસરવું જોઈએ એ વાત બાજુ પર મૂકવી જોઈએ.

તમિલ પ્રજા પર સનાતન ધર્મ કે હિંદુત્વ થોપવા જશો તો તેનાં રીએક્શન આવવાનાં છે. તેના બદલે તમિલ ભાષા અને સંસ્કૃતિમાં જે શ્રેષ્ઠ છે તેને અપનાવવાની તરફેણ કરવી જોઈએ. તમિલ ભાષા અને સંસ્કૃતિ પણ ભારતીયતાનો ભાગ છે, આ ભૂમિમાં જ પેદા થયેલાં છે એ જોતાં તેની મહત્તાને સ્વીકારવામાં કશું ખોટું નથી. આ દેશમાં એક જ સમયે ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં બે સમાંતર સંસ્કૃતિઓ વિકસી એ વાતનો સ્વીકાર કરવામાં સનાતન કે હિંદુત્વનું ગૌરવ ઘટવાનું નથી.

રાજા દેશની વ્યાખ્યા ક્યાંથી લઈ આવ્યા તેની તેમને જ ખબર પણ તેનાથી બહુ ફરક પડતો નથી. એક ભાષા. એક સંસ્કૃતિ અને એક પરંપરાના લોકોમાં પણ ઘણું બધું અલગ હોય છે. ભારતમાં પણ એ સ્થિતિ છે પણ તેના કારણે ભારત રાષ્ટ્ર નથી એવું કહેવું મૂર્ખામીની ચરમસીમા છે. આ મૂર્ખામી રાજા જેવા લોકોને મુબારક, ભારતને કોઈ ફરક પડતો નથી.

રાજા સહિતના લોકો આ મુદ્દાને તમિલનાડુમાં રાજકીય મુદ્દો બનાવીને સત્તા માટે ઉપયોગ કરે છે. ભાજપે એ તક ના આપવી જોઈએ. ભાજપે હિંદુત્વ કે સનાતન ધર્મની વાત કરવાના બદલે મોદી સરકારે કરેલા વિકાસની વાત કરવી જોઈએ. તમિલનાડુ વરસોથી મુખ્ય રાષ્ટ્રીય પ્રવાહથી અલગ રહ્યું તેના કારણે શું નુકસાન થયું તેની વાત કરવી જોઈએ. તમિલ પ્રજાના માનસમાં જે ઝેર વરસોથી રેડાયેલું છે તેને કાઢવાનો ઉપાય રાજકીય રીતે ભાજપ મજબૂત બને અને આ ઝેર રેડનારા સત્તાથી દૂર થાય તેના સિવાય બીજો કોઈ નથી.

## મહાશિવરાત્રી પર્વ નિમિતે સિનિયર સિટીઝન પાર્ક ખાતે

# અમરેલીમાં આજે બ્રહ્મા કુમારીઝ દ્વારા અમરનાથ દર્શન

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે ૧૦૮ શિવશકિતઓની શિવ સંદેશ યાત્રા

અમરેલી,

અમરેલી સિનિયર સિટીઝન પાર્ક ફોરવર્ડ સર્કલ પાસે મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિતે બ્રહ્માકુમારીઝ દ્વારા સવારના ૭થી રાત્રીના ૧૦ અમરનાથના દિવ્ય દર્શન તથા સાંજના ૭ કલાકે મહાઆરતીનો કાર્યક્રમ યોજાશે. તો દર્શનનો લાભ લેવા ભકતજનોને જણાવેલ છે. આંતરરાષ્ટ્રી મહિલા દિવસ નિમિતે ૧૦૮ શિવશકિતઓની શિવ સંદેશ યાત્રા ૮ માર્ચને શુક્રવારે સાંજે ૫ થી ૭ ફોરવર્ડ હાઈસ્કુલના મેદાનમાંથી નિકળી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને સિનિયર સિટીઝન પાર્કમાં પહોંચશે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૮.૩.૨૦૨૪ શુક્રવાર ,સંવંત ૨૦૮૦ મહા વદ તેરસ, શ્રવણ નક્ષત્ર, શિવ યોગ, ગર કરણ આજે સાંજે ૯.૨૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ ,સ,શ ) રહેશે.

### ::મહાશિવરાત્રી::

વર્ષ ૨૦૨૪માં મહાશિવરાત્રી નું પવિત્ર પર્વ ૮ માર્ચ ૨૦૨૪ના છે. ૨૦૨૪ શનિનું વર્ષ હોઈ આ વર્ષે શિવરાત્રી પર ક્રૂર ગ્રહોની અસર દૂર કરવા વિશેષ પૂજા કરવી જોઈએ. માઘ મહિનાની કૃષ્ણ પક્ષ ચતુર્દશી તિથિ ૦૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ રાત્રે ૦૯:૫૭ વાગ્યે શરૂ થશે અને ૦૯ માર્ચ, ૨૦૨૪ ના રોજ સાંજે ૦૬:૧૭ વાગ્યે સમાપ્ત થશે. નિશિથકાળ રાત્રે ૧૨.૨૬ થી ૧.૧૪ સુધી રહેશે. મહાશિવરાત્રી પર્વ પર પૃથ્વી પરના તમામ શિવલીંગોમાં રૂદ્રનો અંશ હોય છે. અનિષ્ટોના વિનાશક તમામ ગ્રહોના અધિષ્ઠાત્રા મહાદેવ શિવ છે. અને તમામ શક્તિના



અધિષ્ઠાત્રા મહાદેવ છે. આથી મહાશિવરાત્રીએ શિવપુજન આયુષ્યની સાથે કલ્યાણ અને ઐહિક સુખ પણ આપે છે.

મહાશિવરાત્રીના દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીના લગ્ન રાત્રે થયા હતા. આ દિવસે ભગવાન શિવ પ્રથમ વખત પ્રગટ થયા હતા. આ દિવસે ૬૪ અલગ-અલગ સ્થળોએ શિવલિંગ પ્રગટ થયા હતા. એવું માનવામાં આવે છે કે આ દિવસે ભગવાન શિવની પૂજા કરવાથી વ્યક્તિની તમામ પરેશાનીઓ દૂર થઈ જાય છે. અલગ અલગ રાશિના મિત્રો મહાશિવરાત્રી પર કયાં દ્રવ્યથી અભિષેક કરી શકે તે અત્રે જાણવું છું:

મેષ (અ,લ,ઈ) : લાલ રંગના ફૂલ ધરી મધ અને શુદ્ધ જળથી અભિષેક કરવો અને શિવજીને ગોળ અને ઘઉં ધરવા .
વૃષભ (બ,વ,ઉ) : શેરડીના રસ થી અભિષેક કરવો સફેદ પુષ્પ ચડાવવા અને સાકાર અને કાજુ ધરવા.
મિથુન (ક,છ,ઘ) : પંચામૃતથી અભિષેક કરવો, મગ ધરવા અને દુર્વા તથા બીલીપત્ર ચડાવવા.
કર્ક (ડ,હ) : ગાયના દૂધથી અભિષેક કરવો, સફેદ ફૂલ ચડાવવા અને ચોખા ધરવા.
સિંહ (મ,ટ) : તાજા ફળ ફલાદિ ધરવા રાતા પુષ્પો ધરવા અને વિવિધ ફળના રસથી અને પંચામૃત થી અભિષેક કરવો.
કન્યા (પ ,ઠ ,ણ ) : પંચામૃતથી અભિષેક કરવો, મગ ધરવા અને દુર્વા તથા બીલીપત્ર ચડાવવા.
તુલા (ર,ત) : શેરડીના રસ થી અભિષેક કરવો સફેદ પુષ્પ ચડાવવા અને સાકાર અને કાજુ ધરવા.
વૃશ્ચિક (ન ,ય ) : લાલ રંગના ફૂલ ધરી મધ અને શુદ્ધ જળથી અભિષેક કરવો અને શિવજીને ગોળ અને ઘઉં ધરવા.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): પીળા ફૂલ ધરવા, ગંગાજળ અને પંચામૃતથી અભિષેક કરવો અને ચણા દાળ ધરવી.
મકર (ખ,જ) : કાળા તલ યુક્ત પાણી, પવિત્ર નદીના જળથી અભિષેક કરવો, ઘેરા રંગના પુષ્પો ધરવા અને કાળા તલ અને અડદ ધરવા.
કુંભ (ગ,સ,શ) : કાળા તલ યુક્ત પાણી, પવિત્ર નદીના જળથી અભિષેક કરવો, ઘેરા રંગના પુષ્પો ધરવા અને કાળા તલ અને અડદ ધરવા.
મીન (દ ,ચ ,ઝ ,થ) : પીળા ફૂલ ધરવા, ગંગાજળ અને પંચામૃતથી અભિષેક કરવો અને ચણા દાળ ધરવી.

# બગસરા તાલુકામાં જુદા જુદા બે અકસ્માતના બનાવોમાં બેના મોત નિપજયા : એકને ઇજા

### ઘંટીયાળ પાસે ટેમ્પો પલ્ટી ખાઇ જતાં અને જેઠીયાવદરમાં બાઇક સાથે ટેમ્પો અથડાતા અકસ્માત

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

બગસરા તાલુકામાં અકસ્માતની જુદી જુદી બે ઘટનાઓમાં બેના મોત નિપજયા હતાં જયારે એકને ઈજા પહોંચી હતી. જેમાં ઘંટીયાળ પાસે ટેમ્પો પલ્ટી ખાઇ જતા અને જેઠીયાવદરમાં બાઈક સાથે ટેમ્પો અથડાતા અકસ્માત સર્જાયો હતો.

બગસરા તાલુકાના ઘંટીયાણ ગામથી આગળ પુલ પાસે ભેંસાણ જવાના રોડ ઉપર ટાટા ટેમ્પો જી જે ૦૩ વી ૫૨૬૭ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી લોકોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી સ્ટયરીંગ પરનો કાબુ ગુમાવતા ટેમ્પો પલ્ટી ખાઈ જતાં ટેમ્પામાં બેઠેલ પુનાભાઈના શરીરે નાની મોટી ગંભીર ઈજા કરી તેમનું મોત નિપજાવી અલ્પેશભાઈને શરીરે નાની મોટી ઈજાઓ કરી ગુનો કર્યાની ભેસાણના કમલેશભાઈ કડવાભાઈ સિંગાડાએ બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં જેઠીયાવદર ગામના બસ સ્ટેન્ડ પાસે ટાટા આઈસર જી જે ૧૪ એકસ ૭૪૬ ઉના ચાલકે પોતાના હવાલા વાળુ ટાટા આઈસર પુર ઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી વિશાલભાઈ મકવાણાના પિતા લાલજીભાઈ મકવાણા ઉ.વ.૫૫ના બાઈક જી જે ૦૪ ડીઈ ૪૨૩૬ સાથે ભટકાવી શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી નાશી ગયાની વિશાલભાઈ મકવાણાએ બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### અવસાન નોંધ

બગસરા

મૂળ ઝાંઝરીયા ગામ જયારે હાલમાં બગસરા નિવાસી સાધુ શ્રી અમરદાસભાઈ મોહનદાસભાઈ દાણીધારીયા ઉંમર વર્ષ ૮૦ તે અશોકભાઈ તેમજ વિપુલભાઈ ના પિતાશ્રી નું તારીખ ૭ ને ગુરૂવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તારીખ ૯ ને શનિવાર સાંજે ૩ થી ૫ કલાકે નિવાસ્થાન રામદેવ વોટર સપ્લાય પોલીસ સ્ટેશન સામે બગસરા ખાતે રાખેલ છે.

ચલાલા

સંદિપકુમાર કિશોરભાઈ દિક્ષીતનાં સાસુ તે સ્નેહાબેનનાં માતુશ્રી અને રંગપુર નિવાસી સ્વ.વનરાજભાઈ નનુભાઈ માંગરોળીયાનાં ધર્મપત્નિ ભાનુબેન વનરાજભાઈ માંગરોળીયાનું ઉ.વ.૬૩નું રંગપુર ગામે તા.૭નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૯ શનિવારે સાંજે ૪ થી ૬ ચલાલા લોહાણા વાડીમાં રાખેલ છે.

### રાજ્યમાં આગામી ત્રણ દિવસ બાદ ગરમી વધશે : આગામી ૫ દિવસ ગુજરાતમાં ૩૫ કિલોમીટરની ઝડપે પવન ફુંકાવવાની શક્યતા

# અમરેલીથી રંગપુર ગામે જતાં રોડ ઉપર એકટિવામાંથી પડી જતાં પ્રૌઢાનું મોત

### ચક્કર આવતા પડી જતાં માથામાં ગંભીર ઇજા થયેલ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના અમરેલીથી રંગપુર રોડ પર બાલાજી હનુમાન મંદિર નજીક ચલાલાના સંદિપભાઈ કિશોરભાઈ દિક્ષીત તેમના સાસુ ભાનુબેન વનરાજભાઈ માંગરોળીયા ઉ.વ.૫૬ રહે. રંગપુર વાળાને ચલાલાથી રંગપુર ગામે પોતાના એકટીવા જી જે ૧૪ એએલ ૯૩૩૨નું લઈ મુકવા જતાં હતાં.

ત્યારે અમરેલી થી રંગપુર રોડ ઉપર બાલાજી હનુમાનજીના મંદિર પાસે પહોંચતા ભાનુબેનને અચાનક ચકકર આવતા એકટીવામાંથી પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં માથામાં અને કાનમાંથી લોહી નીકળવા લાગતા ૧૦૮ એબ્યુલન્સમાં અમરેલી સિવીલ હોસ્પિટલમાં લાવતા ફરજપરના તબીબે મરણ ગયાનું જાહેર કર્યાનું સંદિપભાઈ દિક્ષીતે અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી સાત શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી પાડયા

### બાબરા, જાફરાબાદ, સાવરકુંડલા, બગસરા પોલીસ દ્વારા કાર્યવાહી કરાઇ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી પોલીસે સાત શખ્સોને ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી પાડયા હતાં. બાબરા તાલુકાના કલોરાણા ગામેથી ત્રણ શખ્સો, જાફરાબાદ સામા કાંઠે, ચિત્રાસર, સાવરકુંડલાના મોટા જીંજુડા અને બગસરામાં પોલીસે કાર્યવાહી કરી નશો કરેલી હાલતમાં કુલ સાત શખ્સોને ઝડપી પાડી જેલની હવા ખવડાવી હતી.

### ખાંભાના ભાડ ગામની સીમમાં બાઇક ચોરાયું

અમરેલી, ખાંભા તાલુકાના ભાડ ગામની સીમમાં જશુભાઈ ટપુભાઈ સાંડસુરે તેમના ફઈના દિકરા પ્રતાપભાઈ વનરાના દિકરા નામેથી રૂપિયા ૪૨૦૦ના માસિક હપ્તે એચએફ ડિલકસ બાઈક જી જે ૧૪ બીસી ૭૭૨૫નું લીધેલ જે ખેતરે શેઢા પાસે મુકી ખેતરમાં આંટો મારીને પાછા આવતા રૂ. ૬૦,૦૦૦ની કિંમતનું બાઈક કોઈ ચોરી ગયાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### અમરેલીના ચિતલ રોડ ઉપર એકટીવા ટર્ન મારતા એસટી ભટકાતા યુવતિને ઇજા

અમરેલી,

અમરેલીના ચિતલ રોડ ઉપર આજે સવારે એક યુવતિ પોતાની એકટીવા લઈને જતી હતી ત્યારે જામનગર મહુવા રૂટની એસટી બસ પસાર થતાં યુવતિએ એકટીવાને અચાનક ટર્ન મારતા બસ સાથે અથડાઈ હતી. જેથી યુવતિને ઈજા થયેલ.

# વડિયામાં ચકચારી સીરપનો જથ્થો ઝડપાયેલ તે કેસમાં આગોતરા જામીન મંજુર કરાયાં

### એડવોકેટ ધર્મેશભાઈ પંડયા તથા એ. એચ. પંડયાની દલીલો કોર્ટે ગ્રાહય રાખી



બગસરા, (રૂપેશ રૂપારેલીયા) અગાઉ ખેડા જીલ્લામાં સીરપ પીવાથી ૬ લોકોના મૃત્યું થયા બાદ સરકારે લાલ આંખ કર્યા બાદ વડિયામાં ચકચારી સીરપનો ગેરકાયદેસર જથ્થો વડિયા પોલીસ દ્વારા મુખ્ય આરોપી રાજેશ ઉર્ફે રાજુ વલ્લભભાઈ સાંગાણી પાસેથી ઝડપેલો. તે કેસમાં સુલ્તાનપુરના અતુલભાઈ કાંતિભાઈ ગોંડલીયાનું નામ ખુલતા તેમણે મેડીકલ રીપ્રેઝન્ટેટીવ ભાવીનભાઈ દયાળજીભાઈ તન્નાનું નામ ખોલાવેલ હોવાનો કેસ થતા આરોપી ભાવીનભાઈ તન્નાએ આગોતરા જામીન મેળવવા માટે અમરેલી સેશન્સ કોર્ટમાં અરજ કરતા આરોપી તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ધર્મેશભાઈ પંડયા તથા એ.એચ. પંડયાની ધારદાર દલીલોને કોર્ટે ગ્રાહય રાખી અરજદારને આગોતરા જામની ઉપર મુકત કરવા હુકમ કર્યો હતો.

# રાજુલા પોલિસ મથકમાં બે ચોરીના ગુનાઓ ડિટેકટ કરી આરોપીને શોધી કાઢતી રાજુલા પોલિસ ટીમ

### ચાંદલીયા ડુંગરે થયેલ ઘરફોડીનો આરોપી ઝડપાયા

અમરેલી, રેન્જ આઈ.જી. શ્રી ગૌતમ પરમાર , પોલિસ અધિક્ષક શ્રીહિમકર સિંહ દ્વારા મિલકત સંબંધી ગુનાઓ ડિટેકટ કરી આરોપીઓને પકડી પાડવા સુચના આપતા ના.પો. અધિ. એચ.બી. વોરાના માર્ગદર્શન હેઠળ પી.આઈ.આઈ.જે. ગીડાની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ. જયરાજભાઈ, હે.કોન્સ. જયેન્દ્રભાઈ, મધુભાઈ., હરપાલસિંહ, પો.કોન્સ. મહેશભાઈ, રવિરાજભાઈ, અનોપસિંહ, મુકેશભાઈ તથા રાજુલા પોલિસ સ્ટાફ દ્વારા રાજુલા પોલિસ મથકના ચાંદલીયા ડુંગરે થયેલ ઘરફોડ ચોરી થયેલ તથા ટ્રકમાંથી થયેલ બેટરી ચોરી મળી કુલ બે ગુનાઓ ડિટેકટ કરી રણજીત માણકુભાઈ વાળાને સીસીટીવી તથા હયુમન શોર્સીસની મદદ લઈ આરોપીને ચોરીમાં ગયેલ મુદામાલ તથા ગુનામા વપરાયેલ ઈકો ફોરવ્હીલ સાથે ઝડપી પાડયો હતો. જયારે સંજય ધનજીભાઈ ખસીયા રહે. કડીયાળીવાળાને ઝડપી લેવા ચક્રોગતિમાન કરેલ છે.

# અમરેલીના દેવળીયામાં પ્રૌઢે ઝેરી દવા પી જતા દવાખાને ખસેડાયા

### કોઇ અગમ્ય કારણોસર પ્રૌઢે લીધેલું પગલું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી તાલુકાના દેવળીયા ગામે રહેતા ભાવશેભાઈ ઘોહાભાઈ સોલાડીયા ગામના પ્રૌઢ તા. ૬-૩ના રોજ સવારે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં અમરેલી ગુણાંતીત હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ છે.

# અમરેલીના ભીલા નજીક સોલાર પ્લાન્ટમાં આગ

### અમરેલી ફાયર એન્ડ ઇમરજન્સીની ટીમ દોડી ગઇ



અમરેલી, ઉનાળો શરૂ થતાંની સાથે જ આગના બનાવો શરૂ થઈ ગયાં છે. આજે ભીલા ગામ નજીક કલીનમેકસ સોલાર પ્લાન્ટ ખાતે અચાનક આગની ઘટના બનતા ટેલીફોનીક ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને જાણ કરતા તરત જ દોડી જઈ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ કામગીરીમાં કૃષ્ણભાઈ ઓળકીયા, નિલેશભાઈ સાનીયા, ધર્મેશભાઈ ટ્રેઈની અને ઈન્દ્રજીતભાઈ ખુમાણે ફરજ બજાવી હતી.

## વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક

# શ્રી કૌશિક વેકરીયા દ્વારા આજે વડીયા-કુંકાવાવમાં ખાતમુહુર્ત લોકાર્પણ કાર્યક્રમો



અમરેલી,

આજે તારીખ ૦૮/૦૩/૨૦૨૪ શુક્રવાર ને રોજ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તેમજ અમરેલી કુકાવાવ વડીયાના ધારાસભ્યશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કુકાવાવ-વાડીયા તાલુકામાં નીચે મુજબના કામોનું ખાત-મહુર્ત તેમજ લોકાર્પણનું આયોજન કરેલ છે જેમાં બપોરે ૩.૦૦ કલાકે ૪૨૫ લાખ કરતા વધારે રકમથી મંજૂર થયેલ જુના બાદનપુર થી બાંભણિયા રોડનું બાંભણિયા ખાતે ખાત-મહુર્ત કરશે. બપોરે ૪.૦૦ કલાકે નાની કુકાવાવ ગામ ખાતે વિવિધ વિકાસના કામોનું લોકાર્પણ કરશે અને સાંજે ૫.૦૦ કલાકે ૬૫૦ લાખ કરતાં વધારે રકમથી મંજૂર થયેલ જંગર-અમરાપુર રોડ નું જંગર ગામ ખાતે ખાત મહુર્ત કરશે અને સાંજે ૫.૩૦ કલાકે કોલડા ગામ ખાતે વિવિધ વિકાસના કામોનું ખાત-મહુર્ત તેમજ લોકાર્પણ કરશે તેમ જણાવાયું છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૫૦ થી ૧૬૨૪ મગફળી ૮૦૦ થી ૧૩૪૫

| | | | |
|---|---|---|---|
| અમરેલી માર્કેટ યાર્ડ | લસણસુકું-૨૦૦૦-૨૬૦૦ | | મગફળી-૧૧૦૦-૧૧૬૬ |
| શિંગમઠડી-૮૮૦-૧૧૯૭ | લીંબુ-૧૯૦૦-૨૧૦૦ | ધારી | તલસફેદ-૨૪૬૦-૨૪૬૦ |
| શિંગમોટી-૮૦૦-૧૩૪૫ | પાલક-૨૨૦-૪૨૦ | કપાસ-૧૧૯૫-૧૪૨૫ | ઘઉંલોકવન-૩૫૦-૪૮૮ |
| ધાણી-૧૩૬૦-૩૩૨૫ | | મગફળી- | ઘઉંટુકડા-૩૪૦-૫૦૦ |
| તલસફેદ-૨૦૯૫-૨૮૫૦ | રાજુલાયાર્ડ | મેથી-૧૧૬૦-૧૧૬૦ | તુવેર-૧૪૦૦-૧૮૨૫ |
| તલકાશ્મીરી-૩૮૦૦-૪૦૫૦ | બાજરો-૪૩૪-૫૨૬ | તુવેર-૧૪૪૦-૧૮૦૦ | ચણા-૯૬૦-૧૦૮૩ |
| એરંડા-૧૦૬૨-૧૧૧૧ | જુવાર-૬૦૦-૮૭૬ | ચણા-૧૦૫૫-૧૦૭૪ | ધાણા-૧૦૬૫-૧૫૭૫ |
| ઘઉંટુકડા-૪૧૧-૬૭૦ | ઘઉં-૪૪૦-૫૯૭ | ઘઉં-૪૨૧-૪૫૭ | રાય-૭૧૬-૧૦૫૧ |
| ઘઉંલોકવન-૪૦૫-૫૪૨ | મેથી-૧૩૦૦-૧૩૦૦ | જીરૂ-૨૨૫૧-૪૮૦૦ | શીંગદાણા-૧૩૬૫-૧૩૯૯ |
| મરચાલાંબા-૯૧૦-૪૯૦૦ | ચણા-૭૦૦-૧૦૮૫ | સોયાબીન-૭૫૦-૭૫૦ | મેથી-૧૦૦૦-૧૦૦૦ |
| ચણા-૮૫૦-૧૧૦૯ | સોયાબીન-૭૫૧-૭૫૧ | ધાણા-૧૩૫૫-૧૫૭૬ | |
| કપાસ-૧૦૫૦-૧૬૨૪ | તુવેર-૬૦૦-૧૫૦૧ | | અમરેલીફ્રુટમાર્કેટભાવ |
| રાયડો-૮૯૧-૯૨૭ | ધાણા-૧૩૪૧-૨૦૨૦ | સાવરકુંડલા માર્કેટયાર્ડ | ચીકુ-૪૫૦-૭૦૦ |
| જીરૂ-૩૪૦૦-૫૨૦૦ | કપાસ-૧૦૦૦-૧૬૧૩ | શીંગમોટી-૯૩૧-૧૨૯૭ | દાડમ-૮૦૦-૧૪૦૦ |
| ધાણા-૧૨૦૦-૧૯૯૦ | શીંગ-૮૦૦-૧૦૦૦ | તલસફેદ-૨૫૦૦-૨૭૦૦ | મુસંબી-૫૦૦-૭૦૦ |
| સોયાબીન-૮૧૨-૮૨૦ | રાય-૮૭૧-૮૭૧ | જીરૂ-૪૨૦૦-૫૧૦૦ | સંતરા-૫૦૦-૮૦૦ |
| તુવેર-૮૯૦-૧૯૦૦ | | તુવેર-૧૫૫૦-૧૯૬૭ | કીવી-૪૫૦૦-૬૦૦૦ |
| રાય-૯૦૦-૧૦૯૫ | મહુવાયાર્ડ | કપાસ-૧૪૦૦-૧૬૩૦ | ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૫૦૦ |
| અમરેલી શાકભાજી | ઘઉં-૩૮૦-૬૦૦ | ઘઉં-૪૪૦-૫૮૬ | બોર-૨૦૦-૫૦૦ |
| બટેટા-૨૬૦-૩૪૦ | ડુંગળીલાલ-૧૨૫-૩૭૯ | મેથી-૧૧૦૦-૧૨૯૦ | કેળા-૪૦૦-૫૫૦ |
| રીંગણા-૨૮૦-૪૦૦ | ડુંગળીસફદે-૨૧૯-૨૭૦ | ધાણા-૧૩૦૦-૨૪૦૧ | પોપૈયા-૩૦૦-૫૦૦ |
| ફલાવર-૨૦૦-૨૪૦ | તલસફેદ-૨૪૮૬-૨૪૮૬ | ચણા-૧૦૩૦-૧૧૪૪ | સફરજન હિમાચલ- |
| કોબીઝ-૧૯૦-૨૪૦ | તુવેર-૧૬૦૦-૨૦૧૩ | એરડી-૧૦૫૦-૧૧૩૦ | સ.કાશ્મીર-૧૮૦૦-૩૪૦૦ |
| ટમેટાં-૩૦૦-૪૨૦ | જીરૂ-૨૬૦૦-૫૨૦૦ | સોયાબીન-૮૦૦-૮૩૫ | અનાનસ-૧૦૦૦-૧૨૦૦ |
| વટાણા-૮૦૦-૧૦૦૦ | ચણા-૭૦૧-૧૧૧૦ | | અંગુર-૫૦૦-૧૨૦૦ |
| ગાજર-૨૦૦-૨૬૦ | નાળીયેર-૩૬૮-૧૮૧૬ | ખાંભા | |
| કારેલા-૭૦૦-૮૦૦ | મકાઈ-૪૫૫-૪૫૫ | કપાસ-૧૩૭૬-૧૫૮૦ | લીલીયા |
| ગલકા-૬૮૦-૭૮૦ | કપાસ-૧૨૦૦-૧૪૬૦ | મગફળી-૧૧૧૬-૧૧૧૬ | કપાસ-૧૨૬૬-૧૫૬૬ |
| કાકડી-૩૫૦-૪૫૦ | સોયાબીન-૬૦૧-૮૩૮ | ચણા-૧૦૪૮-૧૦૮૦ | |
| ગુવાર-૮૦૦-૧૨૪૦ | | ધાણા-૧૪૫૧-૧૪૫૧ | |
| ચોળાલીલા-૯૦૦-૧૦૦૦ | | જુવારસફેદ-૮૦૧-૮૦૧ | |
| તુરીયા-૬૬૦-૭૮૦ | બાબરા | ઘઉં- | |
| ભીંડો-૭૦૦-૮૦૦ | કપાસ-૧૩૯૦-૧૬૬૦ | જીરૂ-૪૬૫૦-૪૭૦૦ | |
| આદુ-૧૯૦૦-૨૨૦૦ | ધાણા-૧૨૦૦-૨૧૦૦ | સોયાબીન-૭૯૮-૭૯૮ | |
| કોથમીર-૩૦૦-૫૦૦ | ચણા-૧૦૫૧-૧૧૦૯ | | |
| મેથીભાજી-૨૨૦-૪૦૦ | ઘઉં-૪૬૦-૫૭૦ | બગસરા | |
| ટીંડોરા-૬૦૦-૭૦૦ | મેથી-૧૦૩૦-૧૨૬૦ | કપાસ-૧૨૫૦-૧૬૨૯ | |
| લીમડોમીઠો-૭૦-૧૧૦ | જીરૂ-૪૨૩૫-૫૩૭૫ | | |
| મરચાલીલા-૭૦૦-૮૦૦ | તુવેર-૧૪૪૦-૧૮૨૫ | | |

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૪.૩
ન્યુનતમ તાપમાન ૧૬.૬
ભેજનું પ્રમાણ ૪૫
પવનની ગતિ સરેરાશ-.૪.૧

ગુજરાત સરકાર




# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નારીશક્તિને વંદન

**વિકસિત ભારત@૨૦૪૭ના નિર્માણમાં**
મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા
**બજેટમાં મહિલાલક્ષી યોજનાઓને પ્રોત્સાહન**

**સુશાસિત સરકાર, સુનિયોજિત વિકાસ**
**સશક્ત મહિલા, સશક્ત સમાજ**



૮મી માર્ચ, ૨૦૨૪

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છાઓ



## સુપોષિત મહિલા અને સ્વસ્થ બાળના મંત્રને ચરિતાર્થ કરતી વિવિધ સહાય યોજનાઓ

- **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના** તથા રાજ્ય સરકારની પીએનજી / એલપીજી સહાય યોજનાના **૩૮ લાખ**થી વધુ લાભાર્થીઓને ઘરગથ્થુ વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સિલિન્ડર રિફિલિંગ કરી આપવાની સહાય
- **સંકલિત બાળ વિકાસ અને પૂરક પોષણ યોજના** અંતર્ગત સગર્ભા અને ધાત્રીમાતાઓને માતૃશક્તિના ૪ પેકેટ, કિશોરીઓને પૂર્ણાશક્તિના ૪ પેકેટ આપવામાં આવે છે. પૂરક પોષણ માટે ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન
- **પૂર્ણા યોજના** અંતર્ગત આંગણવાડી કેન્દ્ર દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખી આરોગ્યપ્રદ પોષણ કિટની સહાય
- **નમો શ્રી યોજના** અંતર્ગત ચાલુ વર્ષથી SC/ST/ BPL કાર્ડ ધારક/ NFSA કાર્ડ ધારક/PMJAY સહિતના લાભાર્થી, દિવ્યાંગ બહેનો તેમજ પાત્રતા ધરાવતી સગર્ભા બહેનોને **₹ ૧૨ હજાર**ની મળશે સહાય
- **નમો લક્ષ્મી યોજના** અંતર્ગત આ વર્ષથી કિશોરીઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાનું વિશેષ આયોજનઃ પાત્રતા ધરાવતી કિશોરીઓને ધોરણ–૯ અને ૧૦ માટે વાર્ષિક **₹ ૧૦ હજાર** તેમજ ધોરણ–૧૧ અને ૧૨ માટે વાર્ષિક **₹ ૧૫ હજાર**ની મળશે સહાય
- **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના** અંતર્ગત વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે માસિક **₹ ૧૨૫૦/-** ની આર્થિક સહાય
- **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના** અંતર્ગત મેડિકલમાં અભ્યાસ કરતી **૪૫૦૦** વિદ્યાર્થીનીઓને મળશે સહાય
- **સરસ્વતી સાધના યોજના** અંતર્ગત ધોરણ–૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને વિનામૂલ્યે સાઈકલ આપવાની સહાય
- **માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થાય તે માટે સગર્ભા મહિલાઓની સંસ્થાકીય પ્રસૂતિ કરાવવા** અને ત્યારબાદ હોસ્પિટલમાં સારવાર આપવા તેઓને **₹ ૧૫ હજાર** તેમજ આશા બહેનોને **₹ ૩ હજાર**ની પ્રસૂતિદીઠ પ્રોત્સાહન આપવા આગામી વર્ષમાં વિશેષ પ્રાવધાન
- **મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના** અંતર્ગત સગર્ભા અને ધાત્રીમાતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી બે કિલો ચણા, એક કિલો તુવેરદાળ અને એક લિટર ખાદ્યતેલ આપવાની સહાય
- **આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના** અંતર્ગત બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા ફ્લેવર્ડ દૂધ આપવાની સહાય
- **વ્હાલી દીકરી યોજના** અંતર્ગત સમાજમાં દીકરીઓનું પ્રમાણ વધારવા અને બાળલગ્ન અટકાવવા તેમજ દીકરીઓની આર્થિક સામાજિક સ્થિતિ મજબૂત કરવા વર્ષ ૨૦૨૩ સુધીમાં કુલ ૨ લાખથી વધુ દીકરીઓની સહાય થઈ મંજૂર

**મહિલાઓના ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ ગુજરાત સરકાર**

**મહિલાઓ આત્મનિર્ભર બને તે દિશામાં રાજ્ય સરકારના મક્કમ પ્રયાસ**